dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

March-April 2013 For private circulation only Vol. 05 - Issue 102-103

The world is my country. All mankind are my brethern. To do good is my religion.
- Thomas Paine

સમસ્ત જગત અમારો દેશ છે. આખી માનવજાતના લોકો મારા બંધુજનો છે. ભલું કરવું એ મારો ધર્મ છે.
- થોમસ પેઈન

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

છેલ્લા ઘણા સમયથી શાયર અમૃત ઘાયલનું એક મુકતક મનનો કબજો જમાવી બેઠું છે. પોતાના આગવા મિજાજ માટે જાણીતા ઘાયલ લખે છે :

ચઢી આવે ચદી ભૂખ્યો કોઈ હાંકી કહાડે છે
નથી કાંઈ પેટ જેવું અન્નકૂટ એને જમાડે છે
કરાવે છે મકાનો ખાલી, મંદિર બાંધવા માટે
અહીં માણસને મારી લોક ઈશ્વરને જિવાડે છે.

ધર્મ અને જીવનના યથાર્થ મર્મને સમજવા માટે આ એક નાનકડું મુકતક દીવાદાંડી સમાન છે. પોતે ધાર્મિક હોવાની છડી પોકારતો માણસ ધર્મના આભાસમાં જીવતો હોય તેવું જોવા મળે છે. કર્મકાંડ કે હોમ-હવન કે પ્રાર્થના-બંદગી-નમાજમાં જ સમાઈ જાય એટલો સિમિત ધર્મનો અર્થ નથી. ત્રિભુવન સુધી પહોંચવા માટે એ એક માધ્યમ-સાધન છે પણ સાધ્ય નથી એ આપણે સમજવું પડશે. અંતઃકરણની સચ્ચાઈ એ પ્રથમ શરત છે. વિશુધ્ધ હૃદય પરમાત્મા સાથે સંવાદ થતાં જ હૃદયમાં પ્રેમ, કરુણા, સદ્ભાવના આપમેળે જ જન્મે. હૃદય વિસ્તરે એટલે માણસ ઉદારચરિત બને. સ્વાર્થના કુંડાળામાંથી એ બહાર નીકળી જાય. આવો માણસ માણસોની ભીડ વચ્ચે પણ નોખો તરી આવે છે.

માણસની કોઈ પણ પ્રવૃત્તિના કેન્દ્રમાં બીજો માણસ હોવો જોઈએ. સ્વ માટે નહીં પણ સર્વ માટે વિચારવું એ એક દૈવી ગુણ છે. બાકી, આજકાલ ધર્મને નામે અધર્મ, શ્રધ્ધાને નામે અશ્રધ્ધા કે અંધશ્રધ્ધા જે હદે વિકસી અને વિસ્તરી રહયાં છે તે જોખમી સાબિત થશે એ વાત નિઃશંક છે. ધર્મનું કાર્ય માણસમાં માણસાઈ રોપવાનું છે. સાંપ્રત સમયમાં જોવા કે અનુભવવા મળતી મોટા ભાગની સમસ્યાઓના મૂળમાં માણસાઈનો અભાવ છે. વેદના દરેકને થાય છે પણ સંવેદના થતી નથી માણસાઈનો ગુણ પ્રગટતાની સાથે સંવેદનાની છાલક વાગ્યા વિના ન રહે.

નરસિંહ મહેતા કહે છે :

"વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે...
પરદુઃખે ઉપકાર કરે તો'ય મન અભિમાન ન આણે રે ..."

એ સાચો વૈષ્ણવ જે બીજાના દુઃખ દર્દને, બીજાની પીડાને પોતાનાં સમજે. સ્વામી વિવકાનંદે કહયું છે કે "જરૂરિયાતમંદને મદદ કરવા માટે હું નર્કમાં જવા પણ તૈયાર છું."

માણસ ઈશ્વર કે અલ્લાહમાં ભલે શ્રધ્ધા રાખે કે ન રાખે પણ માણસે માણસમાં તો શ્રધ્ધા રાખવી જોઈએ. માણસ માણસ સાથે માત્ર સ્વાર્થની સગાઈ રાખે તે શરમજનક છે. માણસે પોતાની લાગણીના કૂવાનું તળ સભર રાખવું જોઈએ કે જેથી બીજો તરસ્યો માણસ એ જળથી પોતાની તરસ છીપાવી શકે. મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીએ લખ્યું છે કે : "યન્ત્ર અને તન્ત્રની વચ્ચે મન્ત્ર ગૂંગળાઈ ગયો છે." ઉમાશંકર માનવતાવાદી કવિ હતા. એમનો ઈશારો માનવતાના મન્ત્ર તરફનો હતો. આ માનવતાનો મન્ત્ર ફરીથી ગૂંજતો કરવો એ જ સાચો ધર્મ છે. એક માણસ બીજા માણસને સમજે, એને મદદરૂપ થાય તેવા માનવધર્મની આવશ્યકતા વધી છે. મનુષ્યથી શ્રેષ્ઠ કશું નથી, માણસથી મોટું તીર્થ બીજું કોઈ નથી, એ સમજવામાં મોડું કરવા જેવું નથી. માણસ ધર્મ માટે છે કે ધર્મ માણસ માટે છે ? આ પૃથ્વી પર ત્રણસો જેટલા ધર્મ છે અને છતાં માણસને માણસ બનવામાં આટલો બધો સમય શાથી લાગે છે ?! આપણે ધર્મ શીખીએ છીએ અને શીખવીએ છીએ. ખરેખર તો ધાર્મિકતા શીખવાની અને શીખવવાની જરૂર છે. ધર્મ જુદા જુદા હોઈ શકે પણ ધાર્મિકતા એક જ હોય. ધાર્મિકતા પ્રગટ થતાં જ પ્રામાણિકતા, સહજતા, સ્વાભાવિકતા, અને સમગ્ર અસ્તિત્ત્વ સાથે લયબધ્ધતા પ્રગટ થશે. જે માનવજાત માટે વરદાન સાબિત થશે. ધર્મને સંગઠન કે સંપ્રદાયનું જે સ્વરૂપ આજે આપી બેઠા છીએ તે આજે અને આવતી કાલે પણ જોખમી સાબિત થશે. ભય અને લોભના પાયા પર ઊભો હોય તે ધર્મ ધર્મ નથી. ધારણાઓ અને અંધવિશ્વાસના પાયા પર ઊભો હોય તે ધર્મ પણ ધર્મ નથી. અંતઃચેતના જાગૃત કરે અને સૂક્ષ્મ વિવેક શીખવે તે જ ધર્મ ! ભીતરને સમૃધ્ધ કરે તે જ ધર્મ ! ધર્મના જુદા જુદા ચોકા ઊભા કરવાનું પડતું મૂકી ધાર્મિકતાનો એક વિશ્વ ચોરો ઊભો કરવાના કામમાં જોતરાઈ જવાનું છે. કોલ્ટન નામના પશ્ચિમના એક વિદ્વાનના આ શબ્દો પ્રત્યેક ધાર્મિક સ્થાનોએ લખવા જેવા છે. કોલ્ટન લખે છે : "માણસો ધર્મ માટે વાદવિવાદ કરશે, એને અંગે લેખો લખશે, એને માટે ઝઘડી પડશે, એને માટે મરી ફીટશે; ધર્મની ખાતર જીવવા સિવાયનું બધું તેઓ કરી છૂટશે."

ધર્મને માટે આપણે જીવીએ અને એ રીતે ધર્મને જીવતો રાખીએ નહીંતર ધર્મ આપણાથી જોજનના જોજન દૂર ધકેલાઈ જશે. એ સમજ કેળવવા તરફ અભિમુખ થઈએ. કવિ દિલહર સંઘવીનું આ મુક્તક ઘણું કહી જાય છે :

'દેવના દરબારમાં મુજને કશોયે રસ નથી,
સત્ય કહું છું મારે એમાં આવવું ચોક્કસ નથી,
તે દિવસથી સ્વર્ગ-પ્રાપ્તિની તજી મેં ઝંખના,
જાણવા જે દિ'મળ્યું કે ત્યાં કોઈ માણસ નથી.'

આ સત્ય જે દિવસે સમજાશે તે દિવસે કવિ શ્રીધરાણીની આ કાવ્યપંક્તિ " ઘંટના નાદે કાન ફૂટે મારા ધૂપથી શ્વાસ રૂંધાય !" નો મર્મ પણ સમજાશે. કયાંક એક શે'ર વાંચ્યો હતો. શાયરનું નામ ભૂલાઈ ગયું છે પણ એના શબ્દો બરાબર સચવાયા છે :

"યહી હૈ ઈબાદત, યહી હૈ દીનોં ઈમાન
કી કામ આયે દુનિયામેં ઈન્સાન કો ઈન્સાન !"

માનવધર્મ સૌથી મહાન છે. એક માણસ બીજા માણસની બાદબાકી કરીને કશું ય પ્રાપ્ત કરે તે અર્થહીન બને. આપણી યુનિવર્સિટીના ૪૦મા વાર્ષિક પદવીદન સમારંભ ટાણે પદ્મશ્રી ડૉ. સિતાંશુ યશશ્ચંદ્રએ કવિ બૂસ્હાનની કાવ્યપંક્તિઓ ટાંકીને કહ્યું હતું. :

"This Cold winter night,
that old wooden-head buddha
would make a nice fire."

- ટાઢીબોળ રીતે કવિ એકલો એકલો પ્રવાસે નીકળ્યો છે. ઠરીને કવિ ઠીકરું થઈ ગયો છે. કયાંય તાપણું કે આડશ નથી. સ્હેજ આઘે એક જૂની, લાકડાની બુધ્ધ-મૂર્તિ જુએ છે. પ્રવાસીને હાશકારો થાય છે. ચાલો, બચી ગયા, આ લાકડાના માથાવાળી બુધ્ધ-મૂર્તિ હુંફાળું તાપણું કરવામાં કામ આવશે.

- વિશ્વવિદ્યાલયનું અંતિમ મૂલ્ય માણસની જીંદગી છે. એ જીવનને જાળવી લેવા માટે ગમે તેવી પરંપરાને, ગમે તેવી માન્યતાને જતી કરવી પડે, તો ભલે. જીવન જેવું પવિત્ર બીજું કશુંયે નથી, એક સાચા વિદ્યાલય માટે."

૩૦ માર્ચ, ૨૦૧૩ — ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## પંડિત ઓમકારનાથ શાસ્ત્રય સંગીત મહોત્સવ ૨૦૧૨-૧૩

માનનીય શ્રી રમણલાલ વોરા (મંત્રીશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજય)ના અધ્યક્ષ સ્થાને પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ ૨૦૧૨-૧૩ યુનિવર્સિટીના પર્વમંચ ખાતે તા. ૨૮ માર્ચ થી ૨૯ માર્ચ ૨૦૧૩ દરમ્યાન યોજાઈ ગયો.

આ અદ્વિતીય કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, મુખ્ય મહેમાન તરીકે શ્રી નાનુભાઈ વાનાણી (મંત્રીશ્રી, પાણી પુરવઠા તથા જળ સંપત્તિ કલ્પસર વિભાગ), શ્રીમતી દર્શનાબેન જરદોશ (સાંસદશ્રી), શ્રી સી.આર. પાટીલ (સાંસદશ્રી), અતિથિવિશેષ તરીકે શ્રી કિશોરભાઈ વાંકાવાળા (ધારાસભ્યશ્રી, સુરત), શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ (મેયરશ્રી, સુરત મહાનગરપાલિકા), મુખ્ય મહેમાન તરીકે શ્રી નરોત્તમભાઈ પટેલ (ધારાસભ્યશ્રી, સુરત), સંગીતાબેન પાટીલ (ધારાસભ્યશ્રી), અતિથિ વિશેષ તરીકે શ્રી રણજીતભાઈ ગિલિટવાળા (ધારાસભ્યશ્રી, સુરત), શ્રી ભાગ્યેશ જહા (સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર), કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, ડૉ. પ્રદીપ આઝાદ (સચિવ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર), મ્યુનિસિપલ કમિશ્નર શ્રી એમ. કે. દાસ, પોલીસ કમિશ્નર શ્રી રાકેશ અસ્થાના, અને યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સેનેટના સભ્યશ્રીઓ, યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકો, યુનિવર્સિટીના કર્મચારીઓ, રાષ્ટ્રપતિના પી.એ. શ્રી સતપાલસિંહજી તથા સુરતની કલાપ્રેમી પ્રજા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

તા. ૨૮ માર્ચના રોજ સરસ્વતી વંદનામાં શ્રી માતંગ પરીખે ગાયન, પં. વિશ્વમોહન ભટ્ટે મોહનવીણા તથા ગાયન પં. રાજન-સાજન મિશ્રાએ તથા તા. ૨૯ માર્ચના રોજ ગાયન શ્રી વિકાસ પરીખ, બાંસુરી વાદન શ્રી હરિપ્રસાદ ચૌરસિયા તથા ગાયન ગુંડેચા બ્રધર્સે પ્રસ્તુત કર્યા હતાં. આ સંગીત મહેત્સવમાં સુરતના સુધીર ચારડીએ હારમોનિયમ પર સંગત આપી હતી. વાંસળી વાદક તરીકે વિવેક સોનારે પંડિત હરિપ્રસાદ ચૌરસિયાને સાથ આપ્યો હતો. મેવાતી ઘરાનાના કલાકાર પંડિત જશરાજના શિષ્ય વિકાસ પરીખે રાગ જોગીની પ્રસ્તુતી કરી હતી. તબલા પર પ્રવિણ શિંદે, હારમોનિયમ પર સુધીર ચારડી તથા ગાયકીમાં શિવાની, બલરાજ અને રિપલે તેમને સાથ આપ્યો હતો. જયારે ધ્રૂપદ ગાયકીના પદમશ્રી ઉમાકાન્ત ગુંડેચા અને રમાકાન્ત ગુંડેચાએ ભૈરવી આલાપ, રાગ તેવરા અને હમ સબ માહી રે કબીરનું વાદન રજૂ કર્યું હતું. શ્રી માતંગ પરીખ, શ્રી તુષાર તપોધને પણ ગઝલો પ્રસ્તુત કરી હતી. શ્રી પૃથ્વીરાજ મિશ્રા તેમજ હેમંત ભટ્ટ સાથે પખાલ ઉપર અદભુત રંગ જમાવ્યો હતો.

કાર્યક્રમના ઉદ્દઘાટન પ્રસંગે કુલપતિશ્રી દક્ષેશ ઠાકરે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારીને આ કાર્યક્રમ માટે સરકારનો આભાર માન્યો હતો અને કાર્યક્રમને બે ના બદલે ત્રણ દિવસનો કરવાનું સૂચન કર્યું હતું. જેની ઉપર વિભાગના સચિવશ્રી ભાગ્યેશ જહાએ આ બાબત ઉપર ધ્યાન આપવાની ખાતરી આપી હતી. શ્રી ભાગ્યેશ જહાએ વધુમાં કહયું હતું કે, 'ફલાય ઓવરને ફૂવારા ના ગણો, શહેરની બદલાતી ભાષામાં લખો, શબ્દોને તો શ્વાસની તકલીફ છે, આ દોરમાં મૌનનો સ્વીકાર કરીને લખો'.

મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, 'કોઈ એવો એવોર્ડ કે ડિગ્રી નહીં હોય કે જે પંડિત ઓમકારનાથને મળ્યા ન હોય, રાજય સરકાર જયારે તમામ ક્ષેત્રે અગ્રેસર છે ત્યારે ભારતીય સંસ્કૃતિને ધબકતી રાખનારા કલાકારોને પ્રોત્સાહન મળી રહે તે માટે દર વર્ષે શાસ્ત્રીય સંગીત મહોત્સવ યોજવાનું નકકી કરવામાં આવ્યું છે.'

આ પ્રસંગે મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું હતું કે, 'સંગીત સાથે દરેક વ્યકિતનો સંબંધ રહેલો છે. જયારે બાળકનું આ દુનિયામાં અવતરણ થાય છે ત્યારે તેના રડવાનો અવાજ પણ એક પ્રકારનું સંગીત જ છે. જીવનમાં સંગીતની સાધના જીવનના વિકાસ માટે ખૂબ ઉપયોગી છે. સંગીત અને કલાનો ચાહકવર્ગ સુરતમાં હોય ત્યારે સંગીતની સાધનાને ધબકતી રાખવા માટે કલાકારોને પ્રોત્સાહિત કરવા અત્યંત આવશ્યક છે.'

શ્રી હરિપ્રસાદ ચૌરસિયાએ એક મુલાકાતમાં કહ્યું હતું કે, ‘‘વાંસળી એ કૃષ્ણનું અનુસંધાન છે. એ વાત મને ખબર હતી અને એટલે જ મેં વાંસળી પસંદ કરી. ઈશ્વરનાં વરદાનને મેં આશીર્વાદ ગણી સ્વીકારી લીધું. વાંસળીને હાથમાં પકડું છું અને શરીરમાંથી એક વાઈબ્રેશન પસાર થાય છે, આ વાઈબ્રેશન્સને હું કૃષ્ણનાં વાઈબ્રેશન્સ ગણું છું અને માનું છું કે વાંસળી-વાદન મને મારા ઈશ્વર સુધી લઈ જાય છે. સંગીત આત્મિક વાત હતી, એક મારા પિતાની ઈચ્છા હતી, એક મારી ઈચ્છા હતી. પિતાને માન આપીને એમની ઈચ્છાને અનુસર્યો પણ ખરો. અને સાચું કહું ? મને રેસલિંગમાં મજા પડતી જ હતી. પણ પછી, એક દિવસ અંદર સચવાયેલા સંગીતે હુંકારો ભર્યો, મેં સાંભળી લીધો અને હું સંગીત તરફ વળી ગયો. આજની સ્કુલ-કોલેજોમાં સંગીતની પાઠશાળા હોવી જોઈએ. ત્યાંથી સારા સંગીતકાર ન મળે તો કંઈ નહિં, સારા શ્રોતા તો મળશે અને એની હવેના સમયમાં ખાસ જરૂર છે.’ પંદરથી વધુ ફિલ્મોમાં સંગીત પીરસનાર પંડિત હરિપ્રસાદ ચૌરસિયાએ એક રાગ પૂરો કરીને સુરતીઓને પૂછયું, ‘‘આપ બતાઈએ, કૌન સા રાગ બજાઉ ?’ અને સંગીત સજ્જ સુરતીઓએ જવાબ આપ્યો, ‘ચંદ્રકૌંસ’, ખુલ્લા આકાશ નીચે, ચંદ્રની શીતળ ચાંદની વચ્ચે સંગીત જલસો માણી રહેલા સુરતીઓનું સંગીતજ્ઞાન જોઈને પંડિતજી ખુશ થઈ ગયા હતા.

યુનિવર્સિટીના પર્વમંચમાંથી મેઈન રોડ પર વાંસળીના સૂર રેલાઈ રહયા હતા ત્યારે રોડ પરથી પસાર થતા વાહનોનાં કાને આ સૂર અથડાયા અને વાહન ચાલકોના સુરતીઓ વાંસળીના સૂરમાં એવા તો તણાઈ ગયા છે કે રોડ પર ઊભા રહીને આ સૂરને માણી લીધો. યુનિવર્સિટી જાણે ગોકુળ બની ગયું અને ઓડિયન્સમાં બેઠેલા સાત હજાર ઉપરાંત સુરતીઓ જાણે કે ગોપીઓ બની ગયા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. પ્રદીપ આઝાદ, શ્રી હિતેશભાઈ વાઘેલા અને ડૉ. રઈશ મણિયારે કર્યું હતું.

મોડી રાત સુધી ચાલેલા આ અદ્વિતીય કાર્યક્રમનો મોટી સંખ્યામાં સંગીત ચાહકોએ ભરપૂર આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમને અભૂતપૂર્વ સફળતા મળી હતી, જે કાર્યક્રમની ફળશ્રુતિ હતી.



(શુંભારંભ)




(મંચસ્થ મહેમાનશ્રીઓ)



(મંત્રીશ્રી રમણલાલ વોરા અને કુલપતિશ્રી ડો. દક્ષેશ ઠાકર)



(કુલપતિશ્રી ડો. દક્ષેશ ઠાકર અને પં. વિશ્વમોહન ભટ્ટ)



(કુલસચિશ્રી ડો. જે.આર. મહેતા અને શ્રી રણજીત ગિલીટવાળા)



(મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી અને શ્રી સંજયભાઈ દેસાઈ)




(શ્રી ભાગ્યેશ જહા અને શ્રી વિક્રમભાઈ દેસાઈ)



(ડૉ. કિરણભાઈ પંડયા અને સહકલાકાર)



(પં. વિશ્વમોહન ભટ્ટ)



(શ્રી પરેશભાઈ પટેલ અને સહકલાકાર)



(પં. રાજન-સાજન મિશ્રા)



(શ્રી વિકાસ પરીખ અને શ્રી અમિતસિંહ સિંધા)




(પં. રાજન-સાજન મિશ્રા અને સહકલાકારો)



(શ્રી નરોત્તમ પટેલ, પં. હરિપ્રસાદ ચૌરસિયા અને શ્રી રણજીત ગિલીટવાળા)



(શ્રી વિકાસ પરીખ અને સહકલાકારો)



(શ્રી માતંગ પરીખ અને અન્ય સહકલાકાર)



(પં. હરિપ્રસાદ ચૌરસિયા અને સહકલાકારો)



(પં. ગુંડેચા બ્રધર્સ અને સહકલાકારો)



(મંચસ્થ મહેમાનશ્રીઓ)



(શ્રોતાગણ)

## વાર્ષિકોત્સવ-૨૦૧૩



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં નવા શરૂ થયેલા ગુજરાતી વિભાગ દ્વારા તા. ૧૬ માર્ચના રોજન વાર્ષિકોત્સવ અને સર્જક સાથે સંવાદ-નામનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમની રૂપરેખા આપતા વિભાગના અધ્યક્ષ ડૉ. જગદીશ ગૂર્જરે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે વિવિધ ડેની ઉજવણીઓ, પાર્ટીઓ અને ફિલ્મી ગીત સંગીતની સંધ્યાઓ યોજતા રહેતા આજના વિદ્યાર્થીઓ દ્વારા આ વિભાગના ઉપક્રમે નવતર પ્રયોગ કરીને નવી પરંપરાનું સ્થાપન કર્યું છે. દર વર્ષે સિનિયર વિદ્યાર્થીઓને વિદાય, વર્ષભરની સ્પર્ધાઓમાં તેજસ્વી નીવડેલા વિદ્યાર્થીઓને બિરદાવવા અને સાથો સાથ કોઈ જાણીતા સર્જકની ઉપસ્થિતિ સંગોષ્ઠી સાથેનો આ વાર્ષિક ઉત્સવ દર વર્ષે યોજવામાં આવશે.

આજના વાર્ષિકોત્સવ-૧૩માં અધ્યક્ષ સ્થાને કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, મુખ્ય મહેમાન તરીકે જાણીતા નવલકથાકાર અને ગઝલકાર શ્રી અશોકપુરી ગોસ્વામી ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત કુલસચિવ ડૉ. જે.આર. મહેતાએ પણ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપવા સાથે જીવનમાં સફળતા પ્રાપ્ત




કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી નૃત્ય, સાંસ્કૃતિક કાર્યક્રમો, ગુજરાતી ગીતોની રજૂઆત અને ગઝલની રજૂઆત કરીને ખરા અર્થમાં સર્જનાત્મક અભિવ્યકિત કરતો ઉત્સવ ઉજવ્યો હતો. વિભાગ દ્વારા આ પ્રસંગે ભીંતપત્રની પણ શરૂઆત કરવામાં આવી હતી. એમાં વિદ્યાર્થીઓ પોતાની સર્જનાત્મક અભિવ્યકિત કરી શકશે. કુલપતિશ્રીએ વિભાગના નવપ્રસ્થાનને બિરદાવવા સાથે ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન આસિ. પ્રોફે. ભરતસિંહ ઠાકોરે કર્યું હતું.

# કોલેજ ન્યૂઝ

## પ્રદર્શન



વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા, અંગ્રેજી વિભાગનાં વિદ્યાર્થીઓએ કલાસ ડેકોરેશન દ્વારા પ્રેક્ષકોને ભાવુક કર્યા. જેમાં એફ.વાય.બી.એ., અંગ્રેજી વિભાગનાં વિદ્યાર્થીઓએ કલાસમાં દિલ્હી ઊભું કર્યું. અને ગેંગરેપની ઘટનામાં ભોગ બનેલ દામિનીને શ્રધ્ધાંજલી આપવામાં આવી અને ટી.વાય.બી.એ.નાં વિદ્યાર્થીઓએ દરેક ધર્મોને સમાન ગણી, શાંતિનો સંદેશ પ્રેક્ષકો સુધી પહોંચાડયો.

## ઊજવણી

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણા, વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓ દ્વારા ગુજરાતી ગીત, વકતવ્યો, ભજન, સમૂહગીત, કાવ્યપઠન વિવિધ કવિઓ જેમ કે નરસિંહ મહેતા, પ્રેમાનંદ વગેરેનો પરિચય, વગેરે રજૂ કરવામાં

આવ્યું. આ કાર્યક્રમ અંગે અને માતૃભાષા વિશે આ. પ્રો. રાજેન્દ્રભાઈ ચૌધરીએ અભિપ્રાય આપ્યો. સંચાલન સુરતી શિરિષ અને પટેલ ભાવિનાએ કર્યું હતું. કાર્યક્રમનું આયોજન આ.પ્રો. હેતલ પટેલ તથા આ. પ્રો. નીતાબેન મોહિતેએ કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ પટેલ રાકેશે કરી હતી.

## વાર્ષિકોત્સવ

- શ્રી મહાવીર વિદ્યામંદિર, ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, શ્રી માધવ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી બીસીએ કોલેજ તેમજ વિમલ ટોરમલ પોદ્દાર કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, બીબીએ કોલેજ, પાંડેસરામાં તા. ૨૬-૧-૧૩ના રોજ વાર્ષિકોત્સવ અને પ્રતિભા સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં કુલપતિશ્રી દક્ષેશભાઈ ઠાકર અને જીતેન્દ્રભાઈ વખારિયા તેમજ સમાજના અન્ય અગ્રણીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.
- સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરનો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારંભ ચિલ્ડ્રન થિયેટર જી.આઈ.ડી.સી. ખાતે યોજાઈ ગયો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખાનાં ડિનશ્રી ડૉ. પ્રફુલ્લસિંહ જે રાજ, સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી, ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ પાનસુરિયા, શાસ્ત્રી જયસ્વરૂપદાસજી ઉપસ્થિત રહયા હતા. જેમાં શ્રી પ્રફુલ્લસિંહ રાજે બી.એડ્.ના તાલીમાર્થીઓને શિક્ષક તરીકેની કારકિર્દી ઉત્તમ બનાવવા પ્રેરક પ્રવચન આપ્યું હતું. સંસ્થાના સંસ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી સ્વામીશ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ આર્શીવચન પાઠવતા શિક્ષકનાં દરજજાની ગરિમા સમજાવી હતી. આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ ડૉ. પી. જે. રાજને શાલ, મોમેન્ટો અને ફુલહારથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સમગ્ર વર્ષ દરમ્યાન યોજાયેલી વિવિધ પ્રવૃત્તિઓ, શૈક્ષણિક દેખાવને વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ ક્રમ મેળવેલા તાલીમાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્રો દ્વારા સન્માનિત કરાયા હતા. વર્ષ ૨૦૧૨/૧૩નાં શ્રેષ્ઠ તાલીમાર્થીનો એવોર્ડ મોદી સન્નીભાઈને એનાયત કરવામાં આવ્યો હતો. ઈનામ વિતરણ કાર્યક્રમ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમની રજુઆત કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સમગ્ર વર્ષ દરમ્યાનનાં સંસ્મરણોની ઝલક દર્શાવવા વિડીયો દ્વારા વર્ષભરની પ્રવૃત્તિઓનો અહેવાલ અપાયો હતો. કાર્યક્રમનું સંચાલન મોદી સન્ની અને દાહોદવાલા ફાતેમા અને આભારવિધિ પ્રા. કૌશલભાઈ પારેખે કરી હતી.

## એકેડેમી-ઈન્ડસ્ટ્રી મીટ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં મા ફાઉન્ડેશન, વાપીના આર્થિક સહયોગથી એકેડેમી-ઈન્ડસ્ટ્રી મીટનું આયોજન તા. ૧૯-૨-૧૩ના રોજ કરવામાં આવ્યું. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે ૩૨૫ જેટલા ટી.વાય.બી.કોમ., એમ.કોમ.ના વિદ્યાર્થીઓને પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. અગ્રણી ઉદ્યોગપતિ શ્રી ગફુરભાઈ બિલખીયાની ચિંતા અને ઉદાર સખાવતથી 'એકેડેમી ઈન્ડસ્ટ્રી મીટ'નું આયોજન થયું હતું. શ્રી ગફુરભાઈ બિલખીયાએ પ્રેરણાપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન કોલેજની વિવિધ સમિતિઓ અંતર્ગત યુનિવર્સિટી કે રાજય સ્તરે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ૩૦ વિદ્યાર્થીઓને મહેમાનશ્રીઓને હસ્તે મેડલ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી પ્રસાદ ગંગાવકરે 'કરીકયુલમ ટુ કોર્પોરેટ' શ્રી દિપેશ શાહે 'આઉટર વ્યૂ ટુ ઈન્ટરવ્યુ', શ્રી તુષારભાઈ શાહે 'થીંક ધી ઓપોઝીટ કેરીયર', શ્રી શરદભાઈ ઠાકરે 'ઉદ્યોગોની યુવાનો પાસે અપેક્ષા', શ્રી અનિરુધ્ધભાઈ પંચાલે 'કોર્પોરેટ હાઉસમાં કામ કરવાની તૈયારી' વિષય પર માહિતીપ્રદ વ્યાખ્યાનો આપ્યાં હતાં. વિદ્યાર્થીઓએ પણ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. આ કાર્યક્રમમાં ભગિનિ સંસ્થાના આચાર્યશ્રીઓ, મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં મહેમાનોનો પરિચય પ્રા. ડી.જી. ઠાકોરે, સંચાલન પ્રા. કે.આર. ભાવસાર અને આભારવિધિ પ્રા. દક્ષા ઠાકોરે કરી હતી.

## પરિસંવાદ

GCERT-ગાંધીનગર અને CTE-શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના સંયુકત ઉપક્રમે યોજાયેલ બી.એડ્.ના તાલીમાર્થીઓ માટેના એક દિવસીય સેમિનારનો ઉદ્દઘાટન સમારંભ બીલીમોરા વિભાગ કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી નૌશીરભાઈ બધનીના અધ્યક્ષપદે યોજાયો હતો. સંસ્થાના સુકાની અને કોર્સ ડાયરેકટર ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનોને આવકારી કાર્યક્રમની ભૂમકા બાંધતા જણાવ્યું હતું કે આધુનિક ટેકનોલોજીના ઉપયોગને આવતીકાલના વર્ગખંડની અનિવાર્યતા તરીકે સ્વીકારવાનો સમય પાકી ગયો છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજીના તજજ્ઞ અને યુનિવર્સિટી, સુરતના કમ્પ્યુટર સાયન્સ વિભાગના વડા એવા ડૉ. અપૂર્વભાઈ દેસાઈએ સેમિનારના પૂર્વાધને તજજ્ઞતા, વિદ્વતા અને પ્રભાવી વકતવ્ય દ્વારા ભાવિ શિક્ષકોને e-Learning વિષયથી સુપેરે પરિચિત કરાવી તેમને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. વિષયતજજ્ઞ અને પ્રા. પ્રકાશભાઈ રાણાએ વર્ગખંડમાં આધુનિક ટેકનોલોજીનો વિનિયોગ સફળતાપૂર્વક કરવા બાબતે સુંદર માર્ગદર્શન પુરું પાડયું હતું. સેમિનારના અંતે યોજાયેલ સમાપન સમારંભમાં તાલીમાર્થીઓના ઉત્સાહવર્ધક પ્રતિભાવો મેળવ્યા બાદ અધ્યક્ષ ડૉ. મનસુખભાઈ પટેલે આશીર્વચનો પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કો-ઓર્ડિનેટર ડૉ. કલ્પેશભાઈ ટંડેલે કર્યું.

## સેમિનાર

અખંડ આનંદ આર્ટ્સ-કોમર્સ કોલેજ, સુરતના ગ્રંથપાલશ્રી પ્રશાંત જી. જોશીએ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ આયોજીત તથા રાજા રામમોહન રોય લાયબ્રેરી ફાઉન્ડેશન કોલકત્તા અને ડાયરેકટર ઓફ લાયબ્રેરી, ગાંધીનગર ગુજરાત દ્વારા આયોજિત ભૂજ મુકામે તા. ૨૮-૧-૧૩ થી તા. ૩૦-૧-૧૩ દરમ્યાન યોજાયેલ ગ્રંથાલય સેમીનારમાં E.Marketing of Information Products & Services : Quick and Low Cost Way to Maximum Satisfaction of Users. વિષય પર પેપર રજૂ કર્યું હતું.

## એન.એસ.એસ.

- વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરામાં લીંક વર્કર સ્કીમના નવસારી જીલ્લાના વિષયતજજ્ઞ સુરેન્દ્રભાઈ વેન્દેએ એઈડ્સ જાગૃતિ અભિયાન' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. જયંત પટેલે વકતા તથા લીંક વર્કર સ્કીમ સંસ્થાનો પરિચય આપ્યો હતો. એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ પુષ્પગુચ્છથી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આચાર્યશ્રી ડૉ. મહેશભાઈ વીશીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં એઈડ્સ વિષયક વ્યાખ્યાનનો ઉદ્દેશ સમજાવ્યો હતો. શ્રી સુરેન્દ્રભાઈ વેન્દેએ વ્યાખ્યાનના પ્રારંભે વીસ મીનીટની એઈડ્સ વિષયક ફિલ્મ બતાવી તેમના વ્યાખ્યાનમાં એઈડ્સ કેવો ભયંકર છે તેના થી દૂર કેમ રહી શકાય. તેના લક્ષણો તનો ઉદ્ભવ વિકાસ. તેના વિષાણુ વિશે વાતો કરી તથા HIV/AIDS ને ફેલાતો અટકાવવાના ઉપાયો વિશે માહિતી સભર વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમને અંતે પ્રશ્નોત્તરી થઈ હતી ત્યારબાદ એઈડ્સ વિષયક નિબંધ સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકોને સુરેન્દ્રભાઈના હસ્તે મેડલ વિતરણ થયા હતા. ત્યારબાદ કોલેજ કેમ્પસમાં તેઓએ કેનોપી રીંગ ગેઈમની રમત રમાડી હતી.

કાર્યક્રમનું સંચાલન તથા આભાર વિધિ પ્રા. રંજનબેન દેસાઈએ કરી હતી તથા ફોટોગ્રાફી તથા અલ્પાહાર વ્યવસ્થા એન.એસ.એસ. પ્રો. ઓફિસર પ્રા. દેવાંગભાઈ સુકાનીએ કરી હતી.

- રાષ્ટ્રીય સેવા યોજના અન્વયે મહિલા દિનની ઉજવણી શ્રી ઈ.ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠમાં થઈ. આ પ્રસંગે સામાજીક કાર્યકર ડૉ. મીનાક્ષીબેન તથા ડૉ. મંજુલાબેન ઉપસ્થિત રહયા હતા. સ્ત્રી શસ્ત્રીકરણની ઉપર પ્રકાશ પાડી સમાજમાં મહિલાઓનું સ્થાન વિશેષ છે તેમ સમજણ પાડી હતી. કાર્યક્રમની ઉજવણી તથા આયોજનમાં પ્રવિણભાઈ શર્મા ફાળો મુખ્ય રહયો હતો તથા પ્રવિણભાઈ શર્માએ ભારતના મહિલાઓમાં જો કોઈ મહિલાનું યોગદાન હોય તો તે સ્વ. ઈન્દીરાબેન ગાંધી છે. જેમની રૂપરેખા જીવન ઝરમર વિશેષ કરીને સમજાવવા પ્રયત્ન કર્યો હતો.

- નવયુગ આર્ટસ કોલેજ, સુરતના રાષ્ટ્રીય સેવા યોજના અને સામુદાયિકસેવા ધારાના ઉપક્રમે, ગુજરાત રાજ્ય એઈડ્સ કંટ્રોલ સોસાયટી અમદાવાદના સૌજન્યથી એક દિવસીય એઈડ્સ નિયંત્રણ પરિસંવાદનું આયોજન તા. ૧૭-૩-૧૩ના રોજ થયું હતું. સુરત શહેર જિલ્લાની હાઈસ્કુલ તથા કોલેજના આચાર્યશ્રીઓ તથા રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસરોએ આ પરિસંવાદમાં ભાગ લીધો હતો. જેના ઉદ્દ્ઘાટનમાં યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજનાના ચીફ કો-ઓર્ડિનેટરશ્રી માલવિયાએ પરિસંવાદને બીરદાવ્યો હતો. સુરતના પ્રતિષ્ઠિત ડૉ. દિપકભાઈ પટેલે HIV એઈડ્સ અંગે પ્રાથમિક માહિતી આપી આધુનિક ઉપકરણો દ્વારા એની ભયંકરતાની ઝાંખી કરાવી હતી. ડૉ. પ્રવિણભાઈ પચ્ચીગરે એઈડ્સ પિડીત વ્યકિતઓની સામાજિક તથા માનસિક પરિસ્થિતિને વર્ણવી, એઈડ્સ પિડીત વ્યકિતઓ પ્રત્યે અનુકંપા, હૂંફ દર્શાવવાનો આગ્રહ રાખ્યો હતો. ડૉ. પિયુષભાઈ પરમારે એમની કારકિર્દી દરમ્યાન HIV એઈડ્સ પિડીતોની પરિસ્થિતિ તથા આ રોગ કઈ રીતે અટકાવી શકાય તેની વાત કરી કેટલીક 'કેસ સ્ટડી' રજૂ કરી હતી. વ્યાખ્યાનો ઉપરાંત પ્રશ્નોત્તરી અને પ્રતિભાઓ પણ રજૂ થયા હતા.

## મુલાકાત

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણાના તાલીમાર્થીઓ તથા પ્રાધ્યાપકોએ તા. ૧૪-૨-૧૩ના રોજ વસંતપંચમી નિમિત્તે ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા સંચાલિત વિકલાંગ બાળકોની શાળા, પીપલોદની મુલાકાત લીધી. જેનું આયોજન ઈ.આચાર્યા નયનાબેન ચૌહાણ તથા સામાજિક સમિતિના અધ્યક્ષ આ.પ્રો. ભાવિના દેસાઈ તથા આ.પ્રો. કેતકી પંડયાએ કર્યું. કોલેજનો પરિચય ઈ.આચાર્યા નયનાબેન ચૌહાણે આપ્યો હતો. અને પ્રતિભાવ આ.પ્રો. ભાવિનાબેન દેસાઈએ આપ્યો હતો. શાળાના ટ્રસ્ટીશ્રી કનુભાઈ ટેલર તથા રેખાબેને સંસ્થાનો પરિચય આપ્યો. કોલેજ તરફથી વિકલાંગ બાળકો માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. તાલીમાર્થીઓએ વિકલાંક બાળકો સાથે મુકતચર્ચા તથા પ્રવૃત્તિઓ કરી હતી. સામાજિક મંત્રી વળવી અમૃત તથા સેનવા રમીલાબેને સેવા આપી હતી.

## ઈનામ વિતરણ

- તા. ૧૨-૨-૧૩ના રોજ જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં શૈક્ષણિક, રમત ગમત, સાંસ્કૃતિક, એન.એસ.એસ., એન.સી.સી. પ્રવૃત્તિઓના તેજસ્વી, પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરનાર ભાઈ-બહેનોનો ઈનામ વિતરણ સમારંભમાં શ્રી ભરતભાઈ વી. શાહ પ્રમુખપદે તમજ મુખ્ય મહેમાનપદે ઉધોગપતિશ્રી રામનારાયણજી ચાંદક-ઉધોગપતિ અને સમાજ સેવક, અતિથિ વિશેષશ્રી યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્યશ્રીઓ શ્રી ગૌરાંગભાઈ વૈદ્ય, શ્રી અમિતસિંહ સિંધા, શ્રી શ્રીધર નિમાવત, ડૉ. ધનેશ વૈદ્ય, ડીનશ્રીઓ પ્રિ. ડૉ. વી.ડી. નાયક, પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલ, પ્રિ. ડૉ. જે.ટી દેસાઈ, પ્રો. ડૉ. વિનોદભાઈ પટેલ, અધરધેન ડીનશ્રીઓ, શ્રી કલ્પેશભાઈ રાવલ, શ્રી પ્રા. ડૉ. અલ્કેશ શાહ, યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના પ્રો. અને હેડ ડૉ. જે.વી. ગુર્જર, પ્રા. ડૉ. જશુભાઈ પટેલ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ડાહયાભાઈ શાહ, શ્રી મહેન્દ્રકુમાર સોલંકી, શ્રી કાંતિભાઈ માલવાડાવાળા, શ્રી ભદ્રેશભાઈ શાહ, મહેમાનશ્રી તરીકે પ્રિ. ડૉ. પૃથુલભાઈ દેસાઈ, પ્રિ. ડૉ. વિનોદભાઈ પટેલ, પ્રિ. ડૉ. એમ.એસ. પાડવી, પ્રિ. ડૉ. દિલિપભાઈ વરસાણી, પ્રિ. ડૉ. કે.એમ. કારતરીયા વગેરે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

- શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે તા. ૨-૨-૧૩ના રોજ Old Students Associationનો કાર્યક્રમ યોજાયો હતો. આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે કાર્યક્રમની પૂર્વભૂમિકા બાંધી સર્વ મહેમાનોનું તેમજ તાલીમાર્થીઓનું સ્વાગત કર્યું હતું. અધ્યક્ષ તરીકે બીલીમોરા વિભાગ કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી નૌશીરભાઈ બધની ઉપસ્થિત રહયા હતા. મુખ્ય વકતા તરીકે વલસાડ કોમર્સ કોલેજના પ્રિ. ડૉ. જે.એમ, નાયકે ભૂતપૂર્વ તેમજ વર્તમાન તાલીમાર્થીઓને પ્રભાવશાળી શિક્ષક કેવી અસરકાર છાપ છોડી શકે એની ઉદાહરણ સહ સુંદર રજુઆત કરી સોને પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમમાં કેમ્પસ ડાયરકેટર ડૉ. પિછોલીયા, ભગિની સંસ્થાઓના આચાર્યો ડૉ. એમ.એન. વશી તેમજ ડૉ. ભારતીબેન પંચોલી, ભૂતપૂર્વ અધ્યાપક ડૉ. ગિલીટવાલા તેમજ ડૉ. નલિનીબેન તથા આચાર્યા શ્રીમતિ જયશ્રીબેન દેસાઈ પણ ઉપસ્થિત રહયા હતા. ગતવર્ષના તેજસ્વી પ્રશિક્ષણાર્થીઓનું ઈનામ, પુરસ્કાર તેમજ સર્ટીફિકેટ દ્વારા અભિવાદન થયું હતું.

- વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં ઈનામ વિતરણ અને વિદાય શુભેચ્છા સમારંભ યોજાયો હતો. જેમાં ઉદ્દ્ઘાટક તરીકે શિક્ષણ વિભાગના ડીન શ્રી પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ, સેક્રેટરીશ્રી મેહુલભાઈ જાષી, ટ્રસ્ટીશ્રી નિમાબન જોષી, કેમ્પસ ડાયરેકટર શ્રીમતી સુમતિબેન શિનોય, સંસ્થાના નિયામક શ્રી ગાંધી ઉપસ્થિત રહયા હતા. ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે ડીનશ્રી તથા અન્ય મહેમાનોનો આવકાર પરિચય આપ્યો હતો. સમગ્ર વર્ષ દરમિયાન થયેલ સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ અને ગયા વર્ષે યુનિવર્સિટીની પરીક્ષામાં વધુ ગુણ મેળવનાર તાલીમાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવ્યું હતું. તથા શ્રી પ્રફુલસિંહ રાજે ભાવી શિક્ષકોને આદર્શ શિક્ષક બનવા માટેની હાકલ કરી તેઓને ભવિષ્ય માટેની શુભેચ્છા આપી હતી. વિદાય લેતાં તમામ તાલીમાર્થીઓને ઉપસ્થિત મહેમાનશ્રીઓએ અને અધ્યાપકગણે શુભેચ્છા પાઠવી હતી.

- આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં ૨૦૧૨-૧૩ના વર્ષ દરમ્યાન કોલેજની શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેજસ્વી વિદ્યાર્થીઓએ મેળવેલ સિદ્ધિ બદલ તેમને કોલેજના સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે ઈનામ વિતરણ કરવાનો કાર્યક્રમ તા. ૬-૩-૧૩ના રોજ ઓલપાડ વિસ્તારનાં માજી. ધારાસભ્યશ્રી ધનસુખભાઈ એન. પટેલના પ્રમુખ સ્થાને યોજાઈ ગયો. જેનુ ઉદ્દ્ઘાટન કોલેજ સંચાલક મંડળના ઉપપ્રમુખશ્રી મોહનભાઈ ડી. પટેલ અને માનદમંત્રીશ્રી રાયસિંગભાઈ એસ. ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું. જેમાં કોલેજ સંચાલક મંડળના અન્ય હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહયા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આર્ટ્સ ફેકલ્ટીના ડીન અને આચાર્યશ્રી ઈશ્વરભાઈ એમ. પટેલે મહેમાનોનું આવકાર પ્રવચન, પુષ્પથી સ્વાગત તથા વર્ષ દરમ્યાનની કોલેજની વિવિધ પ્રવૃત્તિઓનો

ચિતાર રજૂ કર્યો હતો. મુખ્ય મહેમાન શ્રી ધનસુખભાઈ એન. પટેલે કોલેજની ભૌતિક સુવિધા ઉપરાંત વર્ષ દરમ્યાનની અધ્યાપકો, વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓની પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ તેઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં ઉદ્‌ઘોષક તરીકેની કામગીરી સાંસ્કૃતિક સમિતિના સભ્ય પ્રા. સંજયભાઈ લાલાણીએ કરી હતી. જયારે આભારવિધિ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. નરેન્દ્ર કે.રાઠોડે કરી હતી તથા ઈનામ વિતરણ વ્યવસ્થા સમિતિના સભ્ય પ્રા. દક્ષાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

## પ્રવાસ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓએ તા. ૪-૩-૧૩ના રોજ અમદાવાદ ખાતે 'સાયન્સ સીટીમાં નોલેજ કોન્સોર્શીયમ ઓફ ગુજરાતની મુલાકાત લીધી હતી. કાર્યક્રમનું આયોજન અને માર્ગદર્શન આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક તરફથી મળ્યું હતું. આ પ્રવાસના ટીમ મેનેજર તરીકે પ્રવાસ સમિતિના ચેરમેન પ્રા. એન.એમ. શાહે સેવા આપી હતી.

## વાંચન વિશેષ

**શ્રીતાપીમાહાત્મ્યમ્ (ગુર્જરભાષાંતર સહિતમ્)**

અનુવાદ : જયોતિષી કૃષ્ણશંકર કેશવરામ રૈકવ

સંશોધક : માણેકલાલ ચુનીલાલ ભગવાન

પ્રકાશક : અમ્બાલાલ ચીમનલાલ. ૧૯૭૪. પૃ. ૫૯૦

આ કળિયુગમાં મનુષ્યો અલ્પ બુદ્ધિ તથા અલ્પાયુષ્યના થશે, એ વિચારથી દ્વાપર યુગના અંતમાં ભગવાન વેદ વ્યાસજીએ વેદના ચાર વિભાગ કરી જુદા જુદા ચાર શિષ્યોને ભણાવ્યા હતા. તે પછી મહાભારત, અને અષ્ટાદશ પુરાણો તેમણે રચ્યાં. અષ્ટાદશ પુરાણોમાંનું એક 'સ્કંદપુરાણ'માં શ્રીતાપીમાહાત્મ્ય અંતર્ગત છે. તાપીજી ભગવાન સૂર્યની પુત્રી થાય છે, અને તેનું લગ્ન સંવરણ રાજા સાથે થયું હતું. એક કથાનક 'શ્રીમદ્‌ભાગવત'માં પણ મળે છે. તાપીના પુત્ર કુહમ નામે છે.

આ પવિત્ર ગ્રંથ માટે સાત હસ્તલિખિત જુની પ્રતોને સંશોધનો માટે એકત્રિત કરવામાં આવી હતી. તાપી નદી સાતપુડાના પર્વતના બૈતુલ જિલ્લામાં મુલતાઈ નામના ગામમાં એક તળાવ પાસેથી નીકળે છે, અને ત્યાં મૂળ તાપી નામે રેલ્વે સ્ટેશન છે.

તાપી માહાત્મ્યના પ્રથમ અધ્યાયમાં તાપી નદીને બેઉ કિનારે આવેલા એકસો આઠ તીર્થો ગણાવ્યા છે. પરંતુ પ્રથમાધ્યાયના શ્લોક એકવીશથી જ કથાભાગ ભેગી કરેલી પ્રતોમાં મળે છે. તે પહેલાંનો કથા ભાગ તેમાં મળતો નથી. એ સંબંધમાં તાપી માહાત્મ્ય અધ્યાય ૪૧માં એક કથા ભાગ છે કે શ્રી નારદ મુનીએ તાપીનું માહાત્મ્ય શિવજીની આજ્ઞાથી હરી લીધું હતું, અને ત્યારપછી તે અસ્તવ્યસ્ત હાલતમાં જ રહયું છે. તીર્થ સ્નાનનો મહિમા અતિ શ્રેષ્ઠ છે, અને તે સંબંધમાં બ્રહમસૂત્રમાં કહેવામાં આવ્યું છે કે, "જે પુરુષ તીર્થ સ્નાન કરે છે પોતાની સજાતીમાં શ્રેષ્ઠ ગણાય છે, તેથી તીર્થ સ્નાન મનુષ્યોએ અવશ્ય કરવું જોઈએ."

આ ગ્રંથ ૭૩ અધ્યાયમાં અને પરિશિષ્ટમાં સમાવેશ પામે છે. જેમાં તાપીનાં એકવીશ નામો, રામક્ષેત્રનું માહાત્મ્ય, અષાઢ માસનું માહાત્મ્ય, અક્ષમાળા તીર્થ પ્રભાવ, અધ્યાયઃ ૭૩માં નાગેશ્વર-જરત્કારેશ્વર પ્રભાવ (મોરા ગામ હજીરા પાસે) વગેરેનો સમાવેશ થાય છે. પ્રથમ અધ્યાયમાં કહેવામાં આવ્યું છે કે, "પૂર્વે કૈલાસ પર્વત પર સર્વે દેવોના સાંભળતાં ભગવાન શંકરે સૂર્યદેહા તાપીનું માહાત્મ્ય કાર્તિક સ્વામીને કહયું હતું. (૧) તે સભામાં બેઠેલા રોમશ ઋષિએ તે સાંભળીને પછી મહાત્મા ગોકર્ણને કહયું. (૨) રોમશ પાસેથી ગોકર્ણે સાંભળી તાપીનું સઘળું માહાત્મ્ય દ્વાપરનાં અંતમાં પૃથ્વી ઉપર મુનિઓને કહયું. (૩) પછી રોમાંચિત શરીરવાળા તે સર્વે મુનીઓ તેનું અદભુત માહાત્મ્ય સાંભળીને ગોકર્ણને પુછે છે. ગંગા ગયાદિક તીર્થોમાં સ્નાન, દાન કરવાથી જે ફળ મળે છે તે ફળ સૂર્યપુત્રી (તાપી)ના મહાત્મ્ય શ્રવણ કરવાથી પ્રાપ્ત થાય છે. જે પુરુષ તાપીના કિનારે આવેલા એકસો આઠ શંકરના સ્થાનોને પંડિતોના મુખથી શ્રવણ કરે છે તે પોતાના સઘળા કુટુંબનો ઉધ્ધાર કરી શુધ્ધ ભાવથી પવિત્ર અંતઃકરણવાળો થઈ પરમપદને મેળવે છે. તદપરાંત તાપી માહાત્મ્યનો પાઠ કરવાથી આ સંસારમાં કરોડો કલ્પ સુધી પણ પુનર્જન્મ થતો નથી."

આ ગ્રંથમાં દર્શાવવામાં આવેલ છે કે, તાપીના ગુપ્તમાં ગુપ્ત એકવીશ નામો 'સત્યોદ્ધા, શ્યામા, કપિલા, કાપિલાંબિકા, તાપિની, તપનહૃદા, નાસત્યા, નાસિકોદભવા, સાવિત્રી, સહસ્ત્રકરા, સનકા, અમૃતસ્યંદિની, સૂક્ષ્મા, સૂક્ષ્મતરમણી, સર્પા, સર્પવિષાપહા, તિગ્મા, તિગ્મરયા, તારા, તામ્રા, તાપી'નો ઉચ્ચાર જે મનુષ્ય પ્રાતઃકાળમાં ઉઠીને કરે છે તેને સર્વ સિધ્ધિ મળે છે. તથા મનુષ્ય ગર્ભવાસના સંકટમાંથી મુકત થાય છે અને પોતાના સઘળા કુટુંબ સહિત શાશ્વતપદને પામે છે. આવાં પવિત્ર તાપી મૈયા આષાઢ સુદી ૭ રવિવારના રોજ પ્રગટ થયાં હતાં. જે પુરુષ અજ્ઞાનતાથી આષઢ માસમાં તાપીમાં સ્નાન કરે છે તેને દેવમંદિર બંધાવવાનું પુણ્ય દરરોજ મળે છે. આષાઢ માસમાં તાપીનું જળ પીવાથી મનુષ્ય પોતાની એકસો એક પેઢીને જરૂર તારે છે. તાપી મૈયા ગંગા મૈયા કરતાં પણ એક કરોડ ઘણું પુણ્ય આપનારી માતા છે. તાપી માતા વિષે ભગવાન શ્રી રામચંદ્રજી કહે છે કે "મેં ઘણી પવિત્ર નદીઓ તથા પવિત્ર અરણ્યો જોયાં છે. છતાં પણ તાપીના જેવી પવિત્ર બીજી નદી કોઈપણ સ્થાને જોવામાં આવતી નથી." આપણી પવિત્ર તાપી મૈયાને પવિત્ર રાખવા માટે આપણે સૌ કોઈ પ્રયાસ કરીએ.

આ પાવન ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયના સ્વતંત્ર ગ્રંથ સંગ્રહ "સુરત સંગ્રહ"માં ઉપલબ્ધ છે.

**ડો. જે.આર. મહેતા**
**કુલસચિવશ્રી**

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46  Fax : +91 - 261 - 222 73 12   Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat. Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com